# Nirma University
# Library Resource Centre

NIRMA UNIVERSITY
NAAC ACCREDITED 'A' GRADE

Publication: **NavGujarat Samay** Edition: **Ahmedabad**
Date & Day: **29/03/2022 (Tues)** Page No: **04**

---

### કમ્પ્યૂટર સાયન્સ અને એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓને સૌથી વધુ જોબ ઓફર

# નિરમા યુનિ.માં હાઈએસ્ટ પ્લેસમેન્ટનો રેકોર્ડ સૌથી વધુ ₹ 88 લાખનું પેકેજ ઓફર થયું

» મેનેજમેન્ટ વિભાગમાં 100 ટકા પ્લેસમેન્ટ

નવગુજરાત સમય > અમદાવાદ




નિરમા યુનિવર્સિટીમાં તાજેતરમાં 2022ની બેચમાં પાસ થયેલા વિદ્યાર્થીઓની કેમ્પસ પ્લેસમેન્ટની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેમાં સૌથી વધુ પેકેજ ઓફર અને પ્લેસમેન્ટના આંકડામાં આ વખતે સૌથી વધુ ઓફરનો રેકોર્ડ નોંધાયો છે.

જેમાં આ વર્ષે ટેક્નોલોજી વિભાગને અન્ડર ગ્રેજ્યુએટ વિદ્યાર્થીને બ્લૂમબર્ગ યુકે દ્વારા સૌથી વધુ ₹ 88 લાખનું પેકેજ ઓફર કરવામાં આવ્યું છે. આ વખતનું સૌથી મોટું પેકેજ ગયા વર્ષની સરખાણીએ 90 ટકા વધુ મોટું હતું. જ્યારે એમસીએ અને એમટેકમાં વર્ષે 14.02 અને 22.47 લાખનું પેકેજ ઓફર કરવામાં આવ્યું છે. કમ્પ્યૂટર સાયન્સ અને એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓને સૌથી વધુ જોબ ઓફર મળી છે.

આ પ્લેસમેન્ટ પ્રક્રિયામાં 596 વિદ્યાર્થીઓને જોબ ઓફર મળી છે. તેમજ 124 કંપનીઓએ ભાગ લીધો હતો. બ્લૂમબર્ગ યુકે, એમેઝોન, અમેરિકન એક્સપ્રેસ, ગોલ્ડમેન શેક, મીડિયા નેટ, એનવી ઈન્ડિયા, ક્વોલમ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ તેમજ ફ્લિપકાર્ટ જેવી કંપનીઓએ સૌથી વધુ ઓફર કરી હતી. વિદ્યાર્થીઓને સોફ્ટવેર ડેવલપર, સાઈટ રિલાયેબિલિટી એન્જિનિયર, એન્જિનિયરીંગ ટ્રેઈની, કન્સલ્ટન્ટ જેવા રોલ ઓફર થયા છે.

મેનેજમેન્ટ વિભાગમાં મોર્ગન સ્ટેન્લી કંપનીએ સૌથી વધુ વર્ષે 26 લાખનું પેકેજ ઓફર કર્યું છે. જેમાં ગયા વર્ષે સૌથી વધુ પેકેજ 18 લાખનું હતું. ગયા વર્ષ કરતાં આ વર્ષે વિદ્યાર્થીઓના પગારમાં સરેરાશ 15 ટકાનો વધારો થયો છે. આ વર્ષે મેનેજમેન્ટ વિભાગમાં 100 ટકા પ્લેસમેન્ટ થયું છે, જેમાં 102 કંપનીએ ભાગ લીધો હતો. નિરમા યુનિવર્સિટીના ડિરેક્ટર જનરલ ડૉ. અનુપસિંહે જણાવ્યું કે, કોરોના પછી ભરતી પ્રક્રિયા ખૂબ હરીફાઈવાળી બની ગઈ છે, આવનારા બે વર્ષ સુધી આ માહોલ રહે તેવી શક્યતા છે ત્યારપછી બધું સ્થિર થશે.